# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# જીવ જ્ઞાનની વિરાધના કેવી રીતે કરે છે ?

**જીવને જ્યારે જ્યારે જ્ઞાનીનો યોગ થયો ત્યારે જીવે જ્ઞાનીને પોતાની અંતરદશા પ્રમાણે ઓળખવાની કોશિષ કરી.**

**મિથ્યાત્વીને મિથ્યાત્વી વર્તાયા ............................ સમકિત ન દેખાયું**
**જ્યોતિષના જાણકારને જ્યોતિષી વર્તાયા ................ અવધિજ્ઞાન ન સમજાયું**
**આરોગ્યના દાતાને દેવ-દેવીના ઉપાસક ગણાવ્યા........ આરોગ્ય લબ્ધિ ન જોઈ**
**'બોલે તે મંત્ર સ્વરૂપ'ને તંત્ર-મંત્રના જાણકાર ગણ્યા..... વચનસિદ્ધી ન ઓળખી**
**સંસારભાવવાળાને સંસારી દેખાયા ....................... સંસારભાવ છુટેલો ન દેખાયો**
**ત્યાગીને અજ્ઞાની વર્તાયા (ત્યાગ ન હોવાથી) .......... વૈરાગ્ય ન દેખાયો**
**બુદ્ધિની તિક્ષ્ણતાવાળાને બુદ્ધિમાન વર્તાયા ............. નિર્મળ બુદ્ધિ ન દેખાઈ**
**શાસ્ત્રજ્ઞને શાસ્ત્રના જાણકાર દેખાયા ..................... આત્મજ્ઞાન ન દેખાયું**

જીવને સંસારમાં અલગ અલગ જીવોમાં અલગ અલગ ગુણો જોવા મળે છે. પણ સર્વ ગુણો જેનામાં હોય તેને આત્મજ્ઞાની કહેવાય એવી જીવને સમજણ ન હોવાથી પ્રત્યક્ષ જ્ઞાનીની અનંત રીતે વિરાધના કરે છે. પણ જો દૃષ્ટિ બદલાવીને જીવ આત્મજ્ઞાનીને ઓળખીને તેના અનુભવને પોતાના અનુભવ બનાવ્યા હોત તો જીવની આ દશા ન હોત.

## જૈનો જાગો

લેખાંક : ૮

આપણે આગળના લેખાંકમાં શ્રી નમસ્કાર મહામંત્રના પહેલા ત્રણ પદ પ્રત્યે જીવ ઉદાસીનતા ધારણ કરીને જ્ઞાનની કેવી રીતે વિરાધના કરે છે તેની વિચારણા કરી.

હવે પાંચમાં પદની વિચારણા કરીએ. જીવને જ્યારે જ્યારે મનુષ્યપણું મળ્યું અને ધર્મ મળ્યો ત્યારે માતા-પિતા નિયમથી મળ્યા અને સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા યોગે કરીને મળ્યા. તેમાં માતા-પિતાની જીવે કેવા પ્રકારે વિરાધના કરી તેની વિચારણા કરીએ. જીવે વિરાધના કરવાનું મુખ્ય કારણ પાંચ ઇન્દ્રિયોના વિકારને કારણે અને પત્નિ અને બાળકોની પાછળ મોહવશ લક્ષ આપવાના કારણે અજાણતા માતા-પિતા પ્રત્યે દુર્લક્ષ કરે છે. અને પત્નિ અને બાળકોને સગવડતામાં રાખવાના મોહનાં કારણે માતા-પિતાને દૂર કરીને અન્યાય કરે છે. અને લગભગ મોટાભાગના જીવો **"પત્નિ અને બાળકોની ભક્તિ કરે છે અને માતા-પિતાનો આદર કરે છે. ખરેખર માતા-પિતાની ભક્તિ હોય અને પત્નિ અને બાળકો આશ્રિતપણામાં હોવાથી તેમના પ્રત્યે અત્યંત આદરભાવ હોવો જોઈએ."** જ્યારે

### * સત્સંગ *

**જીવ જો અલૌકિકને લૌકિકપણામાં લે તો અલૌકિકપણું શેનાથી પામે ?**

શ્રી તીર્થંકર પરમાત્મા મહાવીર સ્વામી ભગવાનના જીવનચરીત્ર ઉપર વિચારણા કરીએ તો ખબર પડે કે પરમાત્માએ માતા-પિતાની કેવી ભક્તિ કરી. પરમાત્માએ માતા-પિતાની ભક્તિના કારણે (માતા-પિતાને લેશ પણ દુઃખ ન થાય) ચારિત્ર ન લીધું, પોતાના મોક્ષનો વિચાર ન કર્યો, કેવળજ્ઞાનનો વિચાર ન કર્યો અને ધર્મના સ્થાપનનો પણ વિચાર ન કર્યો. ફક્ત માતા-પિતાની ભક્તિ લક્ષમાં રાખી. આવા પ્રકારનું પરમાત્માએ માતા-પિતાની ભક્તિનું દૃષ્ટાંત આપ્યું. અને પત્નિનો આદરભાવ કેવો બતાડ્યો કે માતા-પિતાની ઈચ્છાથી સંસાર માંડ્યો અને પત્નિને સંસાર(બાળક)

**મોક્ષમાર્ગ મેળવવા ક્યાંય જવાની જરૂર નથી મોક્ષમાર્ગ માતા-પિતાના ચરણમાં છે.**

આપ્યો. આવા પ્રકારે પરમાત્માએ માતા-પિતાની ભક્તિ કરવાનું અને પત્નિને આદરભાવમાં લેવાનું જીવન જીવીને શિખવાડ્યું.

માતા-પિતાની ભક્તિને કારણે જાણતા અજાણતા જીવને મળતા ગુણોની વિચારણા કરીએ.

૧) બાળક જન્મે છે ત્યારે માતાના ગુણ અને પિતાની શક્તિ સહજ રીતે પ્રાપ્ત થાય છે.

૨) બાળકને સારા વિચારોમાં, સારી વાણીમાં અને સારા વર્તનમાં રહેવાનું (સંસ્કારમાં) શીખવે છે. (માતા-પિતા ગમે તેવા હોય)

૩) સગા સંબંધીઓનો પરિચય કરાવીને કેવી રીતે વ્યવહાર કરવો તેની સમજણ આપે છે. (આદરભાવ)

૪) મતિજ્ઞાનની તિક્ષ્ણતા, સ્મરણતા અને નિર્મળતા વધારવાના ઉપાયો સમજાવે છે.

૫) જીવ સમજણપૂર્વક સશક્તરીતે જો માતા-પિતાની ભક્તિ કરે તો મોક્ષમાર્ગમાં ચાલવા માટે જે ગુણોની જરૂર પડે છે તેમાં કેટલા ગુણો માતા-પિતાની ભક્તિથી પ્રાપ્ત થાય છે તેનું જીવ અવલોકન કરે.

૬) જીવ અપેક્ષા વગર જગતમાં કંઈપણ આપવાની વૃત્તિ કરતો હોય (પાછુ લેવાની અપેક્ષા વગર) તો તે તેના માતા-પિતા છે. **નિસ્વાર્થપણાનો ગુણ પ્રગટ થાય.**

૭) જીવ માતા-પિતાએ શું આપ્યું તેનો વિચાર કર્યા વગર પોતા પાસે હોય તે સઘળું માતા-પિતાને આપે છે. **નિષ્કામ ભક્તિનો ગુણ પ્રગટ થાય છે.**

૮) જીવ પોતે ગમે તેટલો સત્તાધીશ અથવા સંપત્તિવાન હોય છતાં માતા-પિતાના ચરણકમળ પાસે બેસે છે. (માન છોડે છે.) અને **નમ્રતાનો ગુણ પ્રગટ થાય છે.**

૯) જીવને પોતાના ગમતા-અણગમતા વિચારોને બાજુમાં મુકીને માતા-પિતાના વિચારો સ્વીકારીને તેને અમલમાં મૂકવાના કાર્યથી માન્યતાનો ગમા-અણગમાનો દોષ દૂર થાય છે. અને **અનેકાંતવાદનો ગુણ પ્રગટ થાય છે.**

૧૦) જીવ ગમતા, ન ગમતા સંબંધોનું વિસ્મરણ કરીને માતા-પિતાના કહેલા સંબંધીઓની સાથે આદરપૂર્વક વર્તીને રાગ-દ્વેષના દોષ ટાળે છે. **સર્વ જીવોને સમદૃષ્ટિમાં લાવવાનો ગુણ કેળવે છે.**

૧૧) જીવ માતા-પિતા પાસે આગ્રહ જતો કરીને જડતાનો દોષ ટાળે છે. અને સરળતાનો ગુણ ધારણ કરે છે.

૧૨) માતા-પિતા સામે ક્રોધ ન કરીને જીવ કષાય મંદ કરે છે અને **શાંતી અને પ્રિય વાણીનો ગુણ કેળવે છે.**

૧૩) જીવ પોતાના કરતા માતા-પિતાને શ્રેષ્ઠ સાધનો આપવાના ભાવ કરવાથી પરિગ્રહનો દોષ ટાળે છે **ત્યાગવૃત્તિ કેળવાય છે.**

૧૪) જીવ માતા-પિતાની સગવડતા ખાતર પોતે અગવડતાને હસતા મુખે સહન કરી શકે છે તેના કારણે જીવની સુખબુદ્ધિ પાતળી પડે છે. **જીવને દુઃખ સહજ સ્વરૂપે સ્વીકારવાનો ગુણ પ્રાપ્ત થાય છે.**

૧૫) જીવને માતા-પિતાની બિમારીમાં સેવાનો યોગ મળવાથી (વ્યાપારનો, વ્યવહારનો અને પોતાના સુખનો વિચાર છોડે છે) સ્વાર્થબુદ્ધિનો દોષ ટળે છે અને **કરૂણાદૃષ્ટિનો ગુણ પ્રગટ થાય છે.**

૧૬) જીવને માતા-પિતાની બિમારીમાંથી સારા કરવાને કારણે (ધનનો ગમે તેટલો વ્યય થયો હોય છતાં) પ્રસન્નતા પ્રાપ્ત થાય છે અને લોભબુદ્ધિ ટળે છે. **આનંદનો ગુણ પ્રાપ્ત થાય છે.**

૧૭) માતા-પિતાના આચરણમાં ક્યારેક જીવને ઘણું સાંભળવું પડે છે તો પણ જીવ શાંતીથી સાંભળી લે છે તેના કારણે જીવનો અભિમાનનો દોષ ટળે છે. **ઉપકારીપણાનો ગુણ કેળવાય છે.**

૧૮) જીવને ક્યારેક માતા-પિતાના સ્વભાવમાં ક્રોધનું અતિરેકપણું વર્તાય (હિંસકપણું લાગે) છતાં શાંતીથી સહન કરે છે તેના કારણે હિંસકપણાનો દોષ ટળે છે. **અહિંસકપણાનો ગુણ કેળવાય છે.**

૧૯) જીવની સાથે માતા-પિતા કદાચ રાગ-દ્વેષ સહીત વર્તે છતાં જીવ શાંતભાવે આદરસહીત સ્વીકારે તો જીવમાં **સહનશીલતાનો ગુણ પ્રગટ થાય છે.**

૨૦) જીવ માતા-પિતાના દોષ જોયા વગર તેની પૂજ્યભાવે ભક્તિ કરે તો **નિર્મળતાનો ગુણ પ્રગટ થાય છે.**

૨૧) જીવ માતા-પિતાની માંદગી વખતે તેમનાથી દુઃખ સહન થઈ શકે તેવું ન હોય ત્યારે જીવ માતા-પિતાને પ્રભુ સ્મરણ કરવાનું અને પ્રભુ સ્મરણ કરાવવાનું કાર્ય કરે છે તેનાથી જીવમાં **પરમાત્મા પ્રત્યે શ્રધ્ધાનો ગુણ પ્રગટ થાય છે.**

૨૨) જીવ માતા-પિતાના નિર્વાણના નજીકના સમયે તેમના હાથે પુણ્યના કાર્યો કરાવવાનું કહીને મોક્ષગતિ પમાડવાની ઝુરણાં કરે છે તેનાથી **સત્યની ઝુરણાંનો ગુણ પ્રગટ થાય છે.**

### * સત્સંગનું ફળ *

**સંસારભાવનું સહજ સ્વરૂપે વિસ્મરણ કરાવે અને આત્મભાવનું સહજ સ્વરૂપે સ્મરણ કરાવે.**

૨૩) જીવ માતા-પિતાના અવસાન બાદ તેમના નિમિત્તે સદ્કાર્યો કરીને તેમની સદ્ગતિ પ્રાપ્ત કરાવવાના ઉપાયો કરે છે તેના કારણે જીવમાં **મોક્ષ મેળવવાની ઈચ્છા થાય છે. (આત્મકલ્યાણની રૂચી જાગૃત થાય છે)**

૨૪) માતા-પિતાના અવસાન બાદ જીવ માતા-પિતાના નામના કાર્યો કરે છે અને માતા-પિતાના નામને આગળ કરે છે. તેના કારણે જીવ માતા-પિતાનો ઉપકાર સ્વીકાર્યાનું સ્થાપન કરે છે. અને **પોતાના નામનું મમત્વ ત્યાગવાનો ગુણ પ્રગટ થાય છે.**

**જીવ માતા-પિતાને ભુલીને શું મેળવવા દોડે છે ? અને દોડીને શું મેળવ્યું ?**
**" કર વિચાર તો પામ "**

૨૫) જીવ માતા-પિતાને ન ગમતા જીવો (નબળા જીવો) સાથે સંબંધો ન રાખીને માતા-પિતાની ઈચ્છા પ્રમાણે વર્તવાની કોશિષ કરવાથી જીવમાં સ્વચ્છંદતાનો દોષ ટળે છે. **આજ્ઞાંકિતપણાનો (શિષ્યત્વભાવ) ગુણ કેળવાય છે.**

૨૬) જીવ માતા-પિતાના ઉપકારી જીવોની સાથે માતા-પિતાની ઈચ્છા પ્રમાણે વ્યવહાર કરવાથી માતા-પિતાની ઉપર ચડેલો ઉપકારનો બોજ હળવો કરવામાં સહાયતા કરવાથી સંસારભાવનો દોષ ટળે છે. **દેહના મળેલા સંબંધોનું મમત્વભાવ ટાળવાનો ગુણ પ્રગટ થાય છે.**

૨૭) માતા-પિતાનો દેહ છુટવાથી જીવને સંસારનું અસારપણું વર્તાય છે અને તેના કારણે **વૈરાગ્યભાવ આવે છે.**

માતા-પિતાની ભક્તિનું ફળ આપણે અત્યારે વર્તમાનમાં મોટા આચાર્ય ભગવંતોનું દૃષ્ટાંત લઈ શકીએ એમ છીએ કે જેટલા આચાર્ય ભગવંતોએ પહેલા અને પછી (સંયમ પહેલા અને સંયમ પછી) માતા-પિતાની ઉત્કૃષ્ટપણે ભક્તિનો ભાવ હૃદયમાં સ્થાપન કરેલો છે. તે બધા આપણા (જૈન શાસનમાં) શણગાર બનીને શોભે છે.

આવા પ્રકારની જીવ સમજણ કેળવીને સશક્તપણે જીવ જો ભક્તિ કરે તો પૂર્વમાં અજ્ઞાન અવસ્થાએ બાંધેલા જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય થાય છે. અને સાથે શ્રી નમસ્કાર મહામંત્રના પાંચ પદોના આરાધનાનું જે ફળ છે તે આ ભક્તિમાં મળે છે. અને મોક્ષમાર્ગ મેળવવા માટે, મળ્યા પછી સમજવા માટે અને સમજ્યા પછી આરાધવા માટે નજીકનાં ભવોમાં યોગ પ્રાપ્ત થાય છે. તો માતા-પિતાની ભક્તિ આવા સ્વરૂપે કરવી જોઈએ. જે જીવોને માતા-પિતાનો યોગ છે તે જીવોને ધન્ય છે. જે જીવો માતા-પિતાની ભક્તિમાં પ્રયત્નપૂર્વક રહે છે તેને પરમ ધન્ય છે. અને જે જીવો સહજ રીતે આવા પ્રકારની ભક્તિમાં છે તેને મોક્ષ સહજ છે. તેમને મોક્ષ મેળવવા નથી જવો પડતો પણ મોક્ષ સામેથી મળે છે. તે માતા-પિતાની ભક્તિનું વરદાન છે.

શ્રવણે આખી જીંદગીમાં માતા-પિતાની ભક્તિ સિવાય શું કર્યું હતું ? તેના ફળસ્વરૂપે બધા જીવો આદરપૂર્વક તેમનું સ્મરણ કરે છે.

આનંદ - આનંદ - આનંદ
પ્રભુ-પ્રભુ-પ્રભુ

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુદ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુદ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.